सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ પ્રાપ્તી તારીખ : | ૨૦/૦૨/૨૦૨૬ |
| કેસ દાખલ તારીખ : | ૨૦/૦૨/૨૦૨૬ |
| કેસ નિર્ણીત તારીખ : | ૦૬/૦૩/૨૦૨૬ |
| **અવધી :** | **૦૦ વર્ષ ૦૦ મહીના ૧૪ દિવસ** |

**જ્યુડી.મેજી.ફર્સ્ટ કલાસ, વિસાવદર**

**ફોજદારી પરચૂરણ અરજી : ૨૯/૨૦૨૬**

**(ફોજદારી કેસ નં.૨૧૮/૨૦૨૫ ના કામે)**

અનુપભાઈ ભરતભાઈ ભાલીયા
ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર,
રહે.સી/૨૦૨, તક્ષક ગોલ્ડ સીટી,
ઝાંઝરડા રોડ, જુનાગઢ -અરજદાર

**વિરુધ્ધ.**

પ્રમોદભાઈ કુલાભાઈ પટોળીયા(મુળ ફરીયાદી)
શ્રી સરકાર -સામાવાળા

| | |
|---|---|
| બાબત : - | **નેગો.ઈન્સ.એકટની કલમ-૧૩૮ મુજબનાકામે બી.એન.એસ. એસની કલમ ૪૮૦ લગતની જામીન અરજી તળે હુકમ....** |

અરજદાર/આરોપી તરફે : વિ.વ.શ્રી વિ.કે.જેઠવા
સામાવાળા/મુળ ફરીયાદી તરફે : વિ.વ.શ્રી એ.ડી.દવે

**:: હુકમ ::**

(૧) અરજી વંચાણે લીધી,આરોપી પક્ષે વિ.વ.શ્રી.ની દલીલો સાંભળી,તેઓ તેમની દલીલોમાં તથા જામીન અરજીમાં વિનંતી કરતા જણાવે છે કે, આરોપી તદન નિર્દોષ છે તથા કયાંય નાસી ભાગી જાય તેમ નથી, વધુમાં જુનાગઢ જીલ્લાના જ સ્થાનિક નિવાસી છે અને સ્થાવર તથા જંગમ મિલ્કત ધરાવે છે.આરોપી પોતાના અંગત પારિવારિક કારણો સબબ શરતચૂકથી તારીખ ચુકી જતા તેઓને બીનજામીનપાત્ર વોરંટને આધારે પકડીને રજુ કરવામાં આવેલ છે. આરોપી

કોર્ટની કાર્યવાહીમાં સહકાર આપવાની બાંહેધરી આપે છે.આ ગુનાના કામમાં આરોપીને જન્મટીપ કે આજીવન કેદની સજા થઈ શકે તેવો ગુનો નથી અને મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ઓફેન્સ છે.વળી આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છીએ અને કુટુંબની તમામ જવાબદારી તેમના શિરે છે.નામ.કોર્ટ જે યોગ્ય શરતો ફરમાવે તેનું પાલન કરવા અને યોગ્ય રકમના જામીન આપવા તૈયાર છીએ.જેથી તે તમામ સંજોગોને ધ્યાને લઈ આરોપીને જામીન મુકત કરવા તેઓએ દલીલમાં વિનંતી કરેલ છે.

(૨) જયારે ફરીયાદ પક્ષના.વિ.વ.શ્રી.ને સાંભળ્યા,તેઓએ તેમની દલીલમાં રજુઆત કરતા જણાવેલ છે કે આરોપીને પકડ વોરન્ટના કામે પકડીને રજુ કરેલ છે અને ભવિષ્યમાં પણ તે કોર્ટમાં નીયમીત હાજર રહેશે તેની કોઈ ખાતરી ન હોય હાલની જામીન અરજી નામંજુર કરવી જોઈએ તે મતલબનો વાંધો લીધેલ છે.

(૩) બન્ને પક્ષકારો તરફેની દલીલો ધ્યાને લીધી તેમજ ફરીયાદ તથા રેકર્ડ વંચાણે લીધુ. હાલનો ગુન્હો મેજીસ્ટ્રેટ ટ્રાયેબલ ઓફેન્સ છે.વધુમાં આરોપી કુટુંબ કબીલાવાળા માણસ છે અને કુટુંબની તમામ જવાબદારી તેમના શિરે છે .જે તમામ હકીકતો ધ્યાને લીધી. આરોપી તરફે હવેથી ઈન્સાફી કાર્યવાહીમાં હાજર રહેવાની ખાતરી આપેલ છે . આરોપીને જો જામીન મુકત ન કરવામાં આવેતો તેમના આખા કુટુંબને પ્રિ–ટ્રાયલ પનિશમેન્ટ કરવા બરાબર છે.વધુમાં તેઓ નામ.કોર્ટ જે યોગ્ય શરતો ફરમાવે તેનું પાલન કરવા અને યોગ્ય રકમના જામીન આપવા તૈયાર છે. હાલ આરોપીને બીનજામીનપાત્ર વોરન્ટના આધારે જયુડીશીઅલ કસ્ટડીમાં લીધેલ હોય ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીની હાજરી સુનીશ્ચીત થાય તેમ છે કે કેમ, તે અદાલતે જામીનનો નિર્ણય કરતી વખતે ધ્યાને લેવાનું રહે છે. આરોપી તરફેની રજુઆત મુજબ તેઓ જુનાગઢ જીલ્લાના જ રહેવાસી છે.આ તબ્બકે આરોપીને જામીન પર છોડવામાં આવે તો તે નાસી–ભાગી જશે તેવુ માનવાને કોઈ કારણ નથી. હાલના કામે આરોપીનો કોઈ ગુનાહીત ભુતકાળ નથી. અને ફરીયાદ પક્ષ દવારા જે દહેશત વ્યકત કરવામાં આવેલ છે કે , આરોપીને છોડવામાં આવે તો તે ફરી કોર્ટની કાર્યવાહીમાં હાજર રહી સહકાર આપશે નહીં. આવી દહેશતને જામીનની કડક શરતો મુકીને નિવારી શકાય છે.

આમ આ તમામ સંજોગોને ધ્યાને લઈ આ આરોપીને શરતોને આધીન જામીન મુકત કરવા ન્યાયીક તથા ઉચિત જણાતુ હોય અને જામીન અરજી મંજુર કરવાને પાત્ર છે તેમ માનવાને પુરતા કારણો હોઈ ન્યાયના હિતમાં આખરી હુકમ નીચે પ્રમાણે કરૂ છુ.

**–: હુકમ :–**

1. ફો.પ.અ.(બેઈલ) નં.૨૯–૨૦૨૬, ફોજદારી કેસ.નં. ૨૧૮/૨૦૨૫, નેગોશીએબલ ઈન્સ. એકટની કલમ–138 મુજબના ગુન્હા ના કામે અરજદાર / આરોપી : અનુપભાઈ ભરતભાઈ ભાલીયા ઉ.વ.પુખ્ત,ધંધો–વેપાર, રહે.સી/૨૦૨, તક્ષક ગોલ્ડ સીટી,

ઝાંઝરડા રોડ, જુનાગઢ  વાળાવાળાની જામીન અરજી આથી મંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

2. આ કામના આરોપીએ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) ના  જાત-જામીન તથા જાત- મુચરકા રજુ કર્યેથી નીચે મુજબની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

---

<u>શરતો ::-</u>

1. અરજદાર/આરોપીએ ભારતિય ન્યાય સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૪૯૦ મુજબ રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા) અત્રેની અદાલતમાં ડીપોઝીટ પેટે જમા કરાવવા.
2. આરોપીએ પોતાનું પુરુ સરનામુ તથા મોબાઈલ નંબર અત્રેની અદાલતમાં રજુ કરવા
3. આરોપીએ કોર્ટની હવે પછીની દરેક મુદતે અચૂકપણે હાજર રહી ઈન્સાફી કાર્યવાહીમાં સહકાર આપવો.
4. ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનું ઉલ્લંઘન થયેથી આરોપીએ અત્રેની અદાલતમાં ડીપોઝીટ કરાવેલ રકમ સરકાર ખાલસાને પાત્ર થશે.

આજ તા.૦૬[ઠી] માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં  વાંચી સંભળાવી જાહેર કર્યો.

વિસાવદર.
તા. ૦૬/૦૩/૨૦૨૬

(ભાવિક હીતેભાઇ ભટ્ટ)
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
વિસાવદર, (GJ01522)